# પ્રસ્તાવના

એક અનેરા દંપતીના સહજીવનનું આલેખન કરવાની આ ડોક્યુ-નવલકથાની મુખ્ય પ્રેરણા છે. વાચકને આના વાંચનથી આ અનુભવો સ્પર્શે અને જીવનમાં થતી રહેતી ઘટમાળ માટે કરુણા જન્માવે, ખાસ કરીને અલ્ઝાઇમરના દર્દી તથા એમની સારસંભાળ લેતા એમના સાથીઓ માટે અને કંઈક પ્રેરણાસ્રોત પણ બની રહે એવો 'શરદની સુધા'નો ખાસ ઉદ્દેશ છે.

આ શરદ મહેતા અને એમના કુટુંબીજનો તથા મિત્રોના સહકાર વિના શક્ય જ ન થયું હોત.

આ ઉપરાંત ઝેન ઓપસ તથા શ્રી ઈશ્વરભાઈ પટેલના અમે આભારી છીએ.

**– પ્રકાશ ત્રિવેદી ● નીના સંઘવી**

તે દિવસે આલોકના ઘરમાં બહુ ધાંધલધમાલ હતી ને જાણે ખુશીના ફુવારા ઊડતા હતા. કીડિયારું ઉભરાતું હોય એમ જાણે બાળકોથી એ ઘર ઊભરાઈ ગયું હતું ને એમની દોડધામ અને ચીસાદ્ધિચીના અવાજોથી છલકાઈ રહેતું હતું. પૌત્રીઓ રૈના, એવા, આલિયાના શાળાના મિત્રો સર્વે આરીનની બીજી વર્ષગાંઠ ઉજવવા, નાની નાની ભેટ લઈને હાજર હતાં. એ સર્વે ફુગ્ગા ફોડવા, વેફર, કેન્ડીઝ, પિઝ્ઝા ખાવા તથા રિટર્ન ગિફ્ટ્સ પણ સાથે લઈ જવા ઉત્સુક હતાં.

કેક કાપવાના સમયે, પૌત્ર આરીનને સુધાએ ઊંચકી લીધો હતો પણ ચપ્પુ તો એના હાથમાં અપાય એવું નહોતું. એ તો મોટી બહેન રૈના કે એની મમ્મી જ ચલાવવાની હતી.

સુધાનું મોં તો આખો સમય હસું હસું જ થઈ રહ્યું હતું ને વળી વળી આરીનના ગાલ પર ને કપાળ પર ચુંબનો ચોડતું રહ્યું હતું. કેક કપાઈ, સુધાએ એક આંગળીથી થોડી ઉપાડી આરીનના મોંમાં મૂકી. આરીન તાળી પાડતો ખુશ ખુશ થઈ ગયો ને બાકીનાં બધાં ‘હેપ્પી બર્થ ડે’નું ગીત ગાવા માંડ્યાં.

એ પૂરું થયું ને આલોક ને શરદ આરીનને એની પાસેથી લઈ લેવા સુધાની પાસે આવ્યા.

સુધાએ એમને પૂછ્યુંઃ ‘આ કોણ છે? કોનો બાબો છે?’

ફૂંક મારીને કોઈએ કેક પરની મીણબત્તીને બુઝાવી દીધી હતી.

# માલિબુનું હિન્દુ મંદિર

કેલિફોર્નિયાના પ્રશાંત મહાસાગરના તીરે આવેલા રમણીય એવા માલિબુમાં આ શ્વેત રંગનું હિન્દુ મંદિર– રુગનનું નહીં પણ વિષ્ણુનું મંદિર, દક્ષિણ ભારતનાં ભવ્ય મંદિરોની યાદ અપાવતું, પાંચ માળ જેટલું ઊંચું ને એવા જ સ્થાપત્યવાળું, વર્ષોથી ભક્તો અને ભાવિકોને આમંત્રિત કરતું રહ્યું છે, માલિબુના નિસર્ગના સૌંદર્ય તથા મહાસાગરનાં મોજાંનું અવિરત પ્રદર્શન આ મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે, એટલું જ નહીં પણ પ્રત્યેક માનવીના મનમાં રહેલી દિવ્ય ચેતનાને જગવી આખા બ્રહ્માંડને જાણે જોડવા પ્રવૃત્ત થાય છે.

વિશ્વના સંચાલક એવા વિષ્ણુના આ મંદિરની બાજુમાં પ્રમાણમાં નાનું પણ એટલી જ દિવ્યતાની ઝાંખી કરાવતું મહાદેવજીનું એક શિવ મંદિર પણ આવ્યું છે. વિષ્ણુના મંદિરમાં પ્રવેશતાં જો 'મંગલમ્ ભગવાન વિષ્ણુ'નો રણકાર મનમાં, હૃદયમાં સંભળાય તો શિવમંદિરમાં પ્રવેશતાં જ, મહામૃત્યુંજય શ્લોક ચેતનામાં ઉભરાઈ જાય છે.

*ૐ ત્ર્યંબકમ્ યજામહે, સુગંધિમ્ પુષ્ટિવર્ધનમ્,*
*ઉર્વારુકમિવ બંધનાત્, મૃત્યુમોક્ષિયમામૃતાત્*

વિષ્ણુ જો જગતના પાલનહાર છે ને શિવ જો મૃત્યુના દેવતા છે તો એમના થકી જ અમૃતનો માર્ગ આપણે સિદ્ધ કરવાનો છે, એનો યોગ્ય ખ્યાલ અહીં માલિબુના હિન્દુ મંદિરમાં આવી જાય છે.

શિવજીના મંદિરના પ્રાંગણમાં આજે ઘણી બધી સજાવટ થઈ રહી છે, ફૂલોનો થોડો શણગાર સજાવાયો છે. પગરખાં કાઢી અંદર પ્રવેશનારાના

પગનાં તળિયાં જાણે ભીની, ઠંડી લાદીઓના સ્પર્શથી ઝણઝણી ઊઠે છે, ઘીના પ્રજ્વલિત દીવાઓની સુગંધથી વાતાવરણ મઘમઘી ઊઠ્યું છે અને ઉપનિષદના શાંતિમંત્ર દરેકના કર્ણમાં પ્રવેશી, મનનો ઉદ્વેગ શમાવવાનું કાર્ય કરી રહ્યા છે.

પ્રાંગણમાં બીજી પણ અનેક સગવડો ઊભી થઈ રહી છે. બહુ બધી ખુરશીઓ ત્યાં ગોઠવાઈ ગઈ છે. સામેના ટેબલ પર ફૂલોના હારથી આચ્છાદિત એવો એક ફોટો મુકાયો છે. વચ્ચેના ભાગમાં એક હવનકુંડ સ્થપાયો છે અને આસપાસ ચારેક આસનિયાં બિછાવાયાં છે.

સુધાની ગેરહાજરીમાં પણ એની હાજરી જાણે જણાઈ આવે છે.

શાંતિમંત્રથી અહીંની પ્રાર્થનાસભા શરૂ થાય છે. મંત્રો સાથે દક્ષિણ ભારતના બે બ્રાહ્મણો, સુધાના પુત્રો અનુરાગ અને આલોકને હવનકુંડ પાસે બેસાડે છે ને વેદોના શ્લોકો સાથે પૂજા-અર્ચના શરૂ કરે છે. મંત્રોના અર્થ ન સમજાતા છતાં એમના ધ્વનિ કર્ણમધુરા લાગે છે અને મનનો ઉદ્વેગ શમાવવામાં મદદ કરે છે. પચાસથી સાઠ જેટલાં સગાંસંબંધી ને મિત્રો ત્યાં હાજર છે ને સામે બિરાજમાન છે. સર્વેના મુખ પર ગ્લાનિ છે તો કંઈક અંશે રાહત પણ છે, અને છતાં આ મંગળમય પ્રસંગ હોવાનો ભાવ પણ છવાઈ રહ્યો છે.

લગભગ પિસ્તાલીસ મિનિટના મંત્રોચ્ચાર, ફૂલોનું અર્પણ, અગ્નિમાં ઘીનો હવન થયા બાદ હવે જાણે ચિત્ર આગળ વધે છે.

આલોક અને એની પત્ની અનીશા, પંડિત રવિશંકરનું એક ભજન ગાય છે, સંજના એની સાસુમાને યોગ્ય અંજલિ આપે છે, રૈના અને એવા પણ દાદીમાને યાદ કરે છે ને નાના ટાબરિયાં સમ આલિયા ને આરીન સંસ્કૃત શ્લોકો દ્વારા પોતાનાં દાદીમા સુધા પ્રત્યેના ભાવો વ્યક્ત કરે છે.

સુધાના બાળપણથી માંડીને એની મુગ્ધાવસ્થા ને યૌવનના, તેમજ લગ્ન અને સાંસારિક જીવનના અનેક ફોટા સામે રહેલા એક ટીવીના સ્ક્રીન પર રજૂ થાય છે. એની જીવનકથા જાણે સર્વેનાં ચક્ષુ અને મન પર છવાઈ જાય છે. લગભગ દરેક સ્લાઇડમાં રજૂ થતી પ્રસન્ન સ્મિત આપતી સુધાને જોઈ ભૂલી જવાય છે કે આજે સુધા આપણી વચ્ચે સદેહે હયાત નથી.

કોરોનાનો અત્યંત કપરો કાળ વિતાવ્યા બાદ અને સુધાને મળવાની પણ રિહેબમાં મનાઈ હોવાને કારણે શરદે ભારતની એક ટૂંકી સફર કરવાનું વિચાર્યું ને 2022ની જાન્યુઆરીમાં એ મુંબઈ ઊડી આવ્યો. અહીં પ્રમાણમાં ઓછી ચિંતા ને ઓછા ભારયુક્ત વાતાવરણમાં એને જાણે નવું જીવન મળ્યું. જૂના મિત્રોને મળવામાં ને નવા ઓળખીતાઓનો પરિચય કરવામાં એનો સમય કંઈક સુખેથી વીતતો ગયો.

પોતાના તથા સુધાના જીવનની માહિતી આપવાનું અને બે લેખકોએ એને પુસ્તકરૂપે તૈયાર કરવાની જવાબદારી લેવાનું નક્કી થયું.

આમ તો એ દરરોજ કૉલ કરીને અનુરાગના સતત સંપર્કમાં રહેતો જ હતો અને વખતોવખત પેલા રિહેબ સેન્ટરને પણ ફોન કરી સુધાના ખબરઅંતર પૂછતો હતો.

એવામાં એક રાત્રે અનુરાગનો ફોન આવ્યો કે રિહેબમાંથી ફોન આવ્યો છે કે 'મમ્મીની તબિયત વધુ લથડી ગઈ છે અને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડે છે. મને ત્યાં બોલાવ્યો છે ને હું ત્યાં જઉં છું.'

મુંબઈમાં બેઠે તો બીજું શું થઈ શકે, સિવાય કે રાહ જોવાની અને મનોમન પ્રાર્થના કરવાની ક્રિયા થઈ શકે.

અનુરાગે ફરી ફોન કર્યો. 'ડૉક્ટરો કહે છે કે સ્થિતિ ગંભીર છે પણ અમે સાથે મળીને નક્કી કર્યું છે કે મમ્મીને હૉસ્પિટલમાં ખસેડવી નથી. આ ઉપરાંત એને વેન્ટિલેટર પર પણ રાખવી નથી. ભગવાનની ઇચ્છા મુજબ થવા દઈએ!'

લગભગ ત્રણેક કલાકની શ્વાસોચ્છ્વાસની થોડી, વધુ તકલીફ વેઠી સુધાએ છેલ્લો શ્વાસ લીધો અને એક છેલ્લા ઉચ્છ્વાસ સાથે એના આત્માએ પોતાને દેહના બંધનમાંથી મુક્ત કર્યો!

શરદને તુરંત મુંબઈથી અમેરિકા પાછા ફરવું રહ્યું, પરંતુ કોવિડના લીધે બહુ જ થોડી ફ્લાઇટ જતી હતી. અઠવાડિયે માત્ર બે જ. ખૂબ જહેમત પછી એક ફ્લાઇટમાં બુકિંગ મળ્યું ને જવાની તૈયારીઓ થરૂ થઈ.